પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 04-10-2024 MIDDAY : 2.30 to 2.35

Day: FRIDAY Regional News

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1) આજથી શારદીય નવરાત્રીનો પ્રારંભ..... પ્રસિધ્ધ તીર્થસ્થાન અંબાજી અને પાવાગઢમાં વિશેષ પૂજા સાથે નવરાત્રીનો આરંભ

2)

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

ADC Bank Amit Shah

કેન્દ્રિય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, સહકારી મોડલ વિશ્વનું એક માત્ર મોડલ છે, જે લોકોનાં કલ્યાણની સાથે સાથે આર્થિક વૃધ્ધિ સુનિશ્ચિત કરે છે. અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ- ADC બેન્કના 100મા સ્થાપના દિવસ પ્રસંગે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આયોજિત સમારોહમાં શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતુ. તેમણે જણાવ્યું કે, લોકોનાં કલ્યાણ વગર કોઈ દેશ આર્થિક વૃધ્ધિ ન કરી શકે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આગામી ભવિષ્યમાં સહકારી ક્ષેત્રની ભૂમિકા વધુ મહત્વની સાબિત થશે. તેમણે સહકારી ક્ષેત્રમાં અમુલને ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

એડીસી બેન્કની 100 વર્ષની કામગીરીને બિરદાવતા તેમણે આ મુજબ જણાવ્યુ:

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ADC બેન્કની સ્થાપનાનાં 100 વર્ષ પૂર્ણ કરવા એ અનોખી સિધ્ધિ છે.

રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, આજે એડીસી બેંક નાના છોડમાંથી વટ વૃક્ષ બન્યું છે. બેન્કમાં 21 લાખ 44 હજાર નવા એકાઉન્ટ ખુલ્યા છે.

---

- -પીટીસી ગાંધીનગર અનિલ

-(NAVIN)

*GANDHINAGAR AMIT SHAH*

શ્રી શાહે ગાંધીનગરના અડાલજ ખાતે હીરામણિ આરોગ્યધામ – ડે કેર હૉસ્પિટલનું લોકાર્પણ કરતાં ‘આગામી 10 વર્ષમાં વધુ 75 હજાર મેડિકલ બેઠકો વધારવાનો સરકારનો લક્ષ્યાંક હોવાનું જણાવ્યું હતું તેમણે કહ્યું કે, ‘આર્થિક રીતે નબળા, મધ્યમ વર્ગ અને ગ્રામીણ ક્ષેત્રના લોકોને ધ્યાનમાં રાખીને હીરામણિ આરોગ્યધામ બનાવવામાં આવ્યું છે. સરકારે ફક્ત મેડિકલ કૉલેજની બેઠક જ નથી વધારી, પરંતુ દેશમાં અનેક મેડિકલ હૉસ્પિટલ બનાવવાનું પણ કામ કર્યું છે.’

---------------------------------------------------------------------

- - DD NEWS HINDI AND CMO GUJARAT – PRAVESH

SC ON DEMOLITION

સર્વોચ્ચ અદાલતે સોમનાથ મંદિર આસપાસના વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા અંગેની અરજી પર સુનાવણી કરતા રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે.

જોકે સર્વોચ્ચ અદાલતે આ મામલે વચગાળાનો મનાઈ હુકમ આપવાનો ઇનકાર કર્યો હતો. ન્યાયાધીશ બી.આર ગવાઈ અને કે.વી. વિશ્વનાથને સુમ્માસ્ત પટણી મુસ્લિમ જમાત ટ્રસ્ટ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી હતી.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે 28 સપ્ટેમ્બરે સોમનાથ મંદિર આસપાસના વિસ્તારોમાં મોટા પાયે ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડ્યા હતા.

---------------------------------------------------------------------

- લાઇવ લૉ- સુનિતા

-(NAVIN)

## POLICE NAVRATRI

નવરાત્રીના આ તહેવારોમાં નાગરીકોની, ખાસ કરીને મહિલાઓની સલામતી માટે ગુજરાત પોલીસે તમામ શહેર-જિલ્લાઓમાં મળીને કુલ ૭૩૭ શી ટીમ તૈનાત કરી છે. આ She Team પરંપરાગત પહેરવેશમાં ફરજ બજાવશે. અવાવરુ જગ્યાએ સતત પેટ્રોલિંગ પણ કરશે અને ઘરે જવા માટે કોઈ બહેન દીકરીઓને રાત્રે વાહન ન મળે તો 100 નંબર અથવા 181 નંબર પર ફોન કરવાથી તેમને મદદ પણ કરવામાં આવશે.

નવરાત્રી પર્વ દરમ્યાન તમામ શહેર-જિલ્લામાં ૨૦૯ જેટલા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. કંટ્રોલરૂમમાંથી CCTV કેમેરા દ્વારા દેખરેખ કરવામાં આવી રહી છે. જેનું ઉચ્ચ પોલીસ અધિકારી કક્ષાએ સતત સુપરવિઝન કરવામાં આવી રહ્યું છે. નવરાત્રી દરમ્યાન તમામ શહેર-જિલ્લા ખાતે ૫ હજાર ૧૫૨ CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ગામડાઓમાં યોજાતા ગરબા દરમિયાન તકેદારી રાખવા માટે જીઆરડી જવાનોને પણ તૈનાત કરાયા છે

---------------------------------------------------------------

- માહિતી, હર્ષલ પંડ્યા

-(NAVIN)

## Navratri

રાજ્યભરમાં નવરાત્રિનો ભારે હર્ષોલ્લાસ સાથે પ્રારંભ થયો છે. ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંયુકત ઉપક્રમે ૫ અને ૬ ઓકટોબરનાં રોજ રાત્રે ૮ થી ૧૨ દરમ્યાન નર્મદા ડેમ વ્યુ પોઇન્ટ -૧ ખાતે રાષ્ટ્રીય એકતા માટે ગરબાની થીમ પર ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

નવરાત્રી દરમ્યાન એકતા નગર ખાતે આવતા પ્રવાસીઓ, એકતાનગરના રહેવાસીઓ અને અહીં ફરજ બજાવતા કર્મયોગીઓ માટે આ આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેકટર નારાયણ માધુ અને ગોપાલ બામણીયાએ જણાવ્યુ હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વૈશ્વિક પ્રવાસન સ્થળ બન્યુ છે, અહિંયા તહેવારો દરમ્યાન અનેક કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. લોકો આ ગરબામાં નિ:શુલ્ક ભાગ લઇ શકે છે.

દરમિયાન, રાજ્ય કક્ષાના મંત્રી ભિખુસિંહ પરમારે અરવલ્લીના મોડાસામાં રમઝટ નવરાત્રી મહોત્સવ તેમજ રામપાર્ક નવરાત્રી મહોત્સવનો  પ્રારંભ કરાવ્યો હતો..

--------------------------------------------------------------------

- -પીટીસી નર્મદા અનિલ

-(NAVIN)

MSP REGISTRATION

ખેડૂતોને પાકનું પૂરતું વળતર મળી રહે એ માટે કેન્દ્ર સકાર ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવા જઈ રહી છે. આ માટેની ઓનલાઇન નોંધણી શરૂ થઈ ગઈ છે. ૩ ઑક્ટોબરથી શરૂ કરીને 31 ઑક્ટોબર સુધી ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતે નાફેડના ઇ-સમૃદ્ધિ પોર્ટલ પર તેની નોંધણી કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર મગફળી, મગ, અડદ અને સોયિબિનની ટેકાના ભાવે ખરીદી કરશે. આ માટે મગફળી માટે  6 હજાર 783, મગ માટે 8 હજાર, 682, અડદ માટે 7 હજાર, 400 અને સોયાબિન માટે 4 હજાર, 892 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કર્યા છે.

--------------------------------------------------------------------

- પીટીસી મહિસાગર – સુનિતા

-(NAVIN)

Sauni Yojna Link-3

રાજકોટમાં સૌની યોજના હેઠળ ત્રણ કરોડ 48 લાખ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાત મુર્હુત કરવામાં આવ્યું.

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે આજે જિલ્લાના આજે આણંદપર તથા દેવડા ગામે સૌની યોજનાની લિંક-ત્રણના પેકેજ ૧૦ હેઠળ પાઇપલાઇનને ડોન્ડી નદી સુધી લંબાવવામાં આવશે.

આ પ્રસંગે દેવડા ગામમાં યોજાયેલી જનસભાને સંબોધતા કુંવરજી બાવળીયાએ જણાવ્યું કે, જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આણંદપર ગામમાં ૨,૫૧૧ મીટરની ૫૦૦ એમ.એમ. વ્યાસ ધરાવતી પાઇપલાઇન નાખવામાં આવશે. આ કામગીરી થતાં લોધિકા તાલુકાના છાપરા, દેવડા, મોટાવડા, પાંભર ઇટાળા, લક્ષ્મી ઇટાળા, પડધરી તાલુકાના નાનાવડા અને નાના ઇટાળા વગેરે ગામોને લાભ થશે.

---------------------------------------------------------------------

- પીટીસી રાજકોટ, અનિલ

-(NAVIN)

VATSALYA NYAY YOJANA

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મિશન વાત્સલ્ય યોજનાનો પ્રચાર પ્રસાર થાય અને ગ્રમીણ વિસ્તારોમાં બાળ સુરક્ષાનું વાતાવરણ ઉભું થાય તે હેતુથી છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરના વડપણમાં કવાંટ તાલુકાના સિંહાદા ગામે પાયલટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જે અંતર્ગત ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિ દ્વારા સ્થાનિક પરિવારોને એક દિવસીય તાલીમ આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી છોટાઉદેપુર ૦ સુનિતા

-(NAVIN)

MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................